# ઘર આંગણે બેઠેલા વૃદ્ધાને ટપલી મારીને ચેઈન સ્નેચીંગ

## વૃદ્ધ દંપતી મોડી સાંજે સે-૬માં બાંકડા પર બેઠા હતાને બાઈક પર બે ચેઈન સ્નેચર્સ આવ્યા હતા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૬-બીમાં ગઈ સાંજે ઘર આંગણે બેઠેલા વૃદ્ધ દંપતી ચેઈન સ્નેચર્સનો શિકાર બન્યા હતાં. વૃદ્ધાને માથે ટપલી મારીને ગભરાવી મુકીને ચેઈન સ્નેચેર તેમના ગળામાંથી સોનાની ૪૦ હજારની કિંમતની મગમાળા આંચકી પળવારમાં રફ્ફુચક્કર થઈ ગયા હતાં. આ બનાવ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરાતા પીસીઆર વાન દોડી આવી હતી પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચર્સ ગાયબ થઈ ગયા હતાં.

શહેરના સેક્ટર-૬-બી પ્લોટ નં. ૬૩૨/૨માં રહેતા વૃદ્ધા દિવાળીબા ગૌરીશંકર વ્યાસ ગઈ મોડી સાંજે પતિ સાથે ઘર આંગણે સ્થિત બાંકડા પર શાંતિથી બેઠા હતાં. મોડી સાંજે એક બાઈક પર બે શખ્સો તેમની નજીક આવ્યા અને તેમાંથી પાછળ બેઠેલો શખ્સ ઉતર્યો. દિવાળી બાને પાછળથી ટપલી મારી અને ગળે પહેરેલી સોનાની મગમાળા ખેંચી લીધી હતી. બાઈક ચાલુ રાખીને ઉભેલા બીજા શખ્સે બાઈક નજીક લીધું અને ચેઈન સ્નેચીંગ કરી ચુકેલા સાથીદારને બેસાડી દઈને પલકારામાં ફરાર થઈ ગયા હતાં. આ સંદર્ભે પોલીસને જાણ કરતા પોલીસની વાન આવી પહોંચી હતી પરંતુ ત્યાં સુધીમાં બંને ચેઈન સ્નેચર્સ નાસી છુટયા હતાં. જો કે આ સંદર્ભે પોલીસ ફરિયાદ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.




સ્ત્રીઓની સુંદરતામાં વધારો કરતાં તેમના વાળની કિંમત ખૂબ જ છે, તે વાળની બનાવટી 'વીગ'ની કિંમત પણ ઘણી વધારે છે, પરંતુ ઘરે ઘરે ફરીને વાળ એકત્ર કરતાં શ્રમજીવીઓને માત્ર મામૂલી રકમ જ મળે છે.

# કીશોરીનું અપહરણ કરવાના કેસમાં આરોપીને ૩ વર્ષની કેદ

## રાંધેજામાંથી કીશોરીનું અપહરણ કરી લઈ ગયો હતો

ગાંધીનગર, તા. ૬

પેથાપુરમાંથી કીશોરીનું અપહરણ કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તા. ૭ નવેમ્બર વર્ષ-૨૦૧૨ના રોજ ગાંધીનગર નજીકના રાંધેજા ગામમાં રહેતા સુરેશ બળદેવ ઠાકોરે ગામમાંથી ૧૫ વર્ષીય કીશોરીનું અપહરણ કર્યુ હતુ. આરોપી જારકર્મ કરવાના ઈરાદે તેણીનું અપહરણ કરી ભગાડીને લઈ ગયો હતો. કીશોરીનું અપહરણ કરી આરોપી તેણીને ભગાડી જતા આ મામલે અપહરણ કીશોરીના માતાએ પેથાપુર પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ સંદર્ભે ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી અમદાવાદથી આરોપી સુરેશની ધરપકડ કરી હતી. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પી.ડી. વ્યાસે દલીલો કરી હતી. સરકારી વકીલની દલીલો તેમજ ડૉક્ટર અને શાળાના આચાર્યની જુબાની ધ્યાને લઈ એડીશ્નલ સેસન્સ જજ ડી.એમ. વ્યાસે આરોપીને તકસીરવાન ઠરાવી ત્રણ વર્ષની કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને રૂ. ૧ હજારનો દંડ ભોગવવા તેમજ દંડ ન ભરે તો વધુ ૧ માસની સજા ભોગવવા આદેશ કર્યો છે. સરકારી વકીલ પ્રિતેશ વ્યાસે પણ સમાજમાં વધતા જતા અપહરણના ગુનાઓને અટકાવવા આરોપીને સખત સજા કરવા દલીલ કરી હતી.

# રાયપુર ઈન્દીરાનગરમાં પાણીની પાઈપલાઈન તૂટતા પીવાનું પાણી બંધ

ગાંધીનગર, તા.૬

ખારી નદીમાં પુર આવવાથી રાયપુરથી ઈન્દીરાનગરમાં પાણી જવાની પાઈપલાઈન તૂટી ગઈ છે. જેથી ઈન્દિરાનગરના માણસોને છેલ્લા બે દિવસથી પીવાનું પાણી મળતું નથી. આ બાબતે સરપંચ અને તલાટીને જાણ કરવા છતાં સ્થાનિકજનોની મુશ્કેલી ઉકેલાઈ નથી. પીવાના પાણીનો પ્રશ્ન ઉકેલાશે નહીં તો ગ્રામજનો ગાંચી ચિંધ્યો માર્ગ અપનાવશે.

રાયપુર ગ્રામ પંચાયતના સભ્ય શૈલેષભાઈ ડાભી જણાવે છે કે રાયપુર ગામના ઈન્દીરાનગર (રામાપીર)માં છેલ્લા બે દિવસથી પીવાના પાણી માટે મુશ્કેલી પડી રહી છે. ખારી નદીમાં પુર આવતા રાયપુરથી ઈન્દીરાનગરમાં પાણી જવાની પાઈપલાઈન તુટી ગયેલ છે. જેથી ઈન્દીરાનગરમાં બે દિવસથી પાણી આવતું નથી તેથી ઈન્દિરાનગરના માણસોને પીવાનું પાણી કયાંથી લાવવું તે સવાલ ઉભો થયો છે. નજીકમાં કોઈ ટયુબવેલ આવેલ નથી અને બીજી બાજુ નદીમાં પાણી ભરાઈ રહેલ છે. જેથી નદીમાં થઈ રાયપુર ગામમાં પાણી ભરવા જઈ શકાતું નથી. આ માટે સરપંચનો સંપર્ક કરવા માટે વારંવાર ફોન કરવા છતાં સરપંચ ફોન ઉઠાવતા નથી. તેમને પણ ખબર છે કે રામાપીર (ઈન્દીરાનગર)ની પાઈપલાઈન તુટી ગયેલ છે. પણ ચૂંટણી વખતે ઈન્દીરાનગરના માણસોએ તેમને વોટ ન આપ્યા હોવાથી ઓરમાયું વર્તન રાખે છે અને ઈન્દીરાનગરના માણસો હેરાન થાય તેવું ઈચ્છે છે. આ બાબતે તલાટીને ફોન કરતાં તલાટી પણ ફોન ન ઉઠાવતાં છેલ્લે જિલ્લામાં અને તાલુકામાં ફરિયાદ કરતાં તલાટી રાયપુરમાં આવેલ તેમને આ બાબતની જાણ કરતાં તેમણે પણ હાથ ઉંચા કરી લીધા અને કહ્યું કે, 'મારી ફરજમાં આવતું નથી તમે સરપંચને જાણ કરો.' સરપંચ કહે છે કે, 'મને મત આપ્યા નથી મારે શા માટે કરવું?' હવે આ ઈન્દીરાનગરના માણસો હેરાન થાય છે. ના છુટે ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ફરજ પડશે. જો સત્વરે આ બાબતે નિર્ણય નહીં કરવામાં આવે તો માટલા લઈ, સરપંચના ઘેર માટલા ફોડવાનો કાર્યક્રમ રાખવામાં આવશે.

# દશા દિશાવળ વૈષ્ણવ વણિક સમાજનો ઈનામ વિતરણ યોજાશે

ગાંધીનગર, તા.૬

દશા દિશાવળ વૈષ્ણવ વણિક સમાજ ગાંધીનગર દ્વારા સમાજના વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ તથા ભાઈઓ બહેનો માટે રમતોત્સવનો કાર્યક્રમ ૧૫મી ઓગષ્ટ ૨૦૧૩ને સાંજે ૪ કલાકે લગ્નવાડી, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. ઈનામ મેળવતા વિદ્યાર્થીઓએ ૧૧મી ઓગષ્ટ સુધી અર્પિતભાઈ શાહનો સંપર્ક કરવા જણાવ્યું છે.

વૈષ્ણવ વણિક સમાજના ધોરણ-૧ થી ધોરણ૧૨ સુધીના પ્રથમ ત્રણ સ્થાન મેળવેલા વિદ્યાર્થીઓને ૧૫મી ઓગષ્ટે ગિફટ, શિલ્ડ એનાયત કરી અભિવાદિત કરવામાં આવશે. આ પ્રસંગે બાળકો માટે લીંબુ ચમચો, અને કવીઝ તથા બહેનો માટે સંગીત ખુરશી, અંતાક્ષરી તેમજ ભાઈઓ માટે કોથળા દોડ જેવી રમતો પણ યોજવામાં આવશે. રમતોત્સવ બાદ ટ્રસ્ટી મંડળની રચના કરવામાં આવશે એમ વિજયભાઈ શાહે જણાવ્યું છે. સમાજના તેજસ્વી તારલાઓની વિગતો વાલીઓએ ૧૧મી ઓગષ્ટ સુધી જરુરી ફોર્મ સાથે અર્પિતભાઈ શાહને મોકલી આપવા જણાવ્યું છે.

# આજથી શિવકથાનો સેકટર-૨૪માં પ્રારંભ

ગાંધીનગર, તા.૬

આજે પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે શિવકથાનો શુભારંભ અંબિકા મંદિર ડબલ ડેક્કર, સેકટર-૨૪, ગાંધીનગર ખાતે યોજાશે.

શ્રાવણ માસના શુભારંભ સાથે શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. અંબિકા મંદિર, સેકટર-૨૪, ગાંધીનગર બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન શિવકથા યોજાશે. આજે દીપ પ્રાગટય પ્રસંગે પંચદેવ મંદિરના ધર્માચાર્ય ફૂલશંકર શાસ્ત્રીજી, ગાંધીનગર ધારાસભ્ય અશોકભાઈ પટેલ, વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બૂચ, મેયર મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન આશિષભાઈ દવે, કોર્પોરેટર પ્રવીણાબેન દરજી, સુરેશભાઈ મહેતા, સંદિપભાઈ જયોતિકાર, કેતનભાઈ જોષી, અજયસિંહ પરમાર, કનુભાઈ દરજી ખાસ ઉપસ્થિત રહેશે. કથાનું શ્રવણગાન રામદાસજી મહારાજ કરાવશે.

# પુન્દ્રાસણ-ટીંટોડા માર્ગ પરથી દારૂ-બિયર ભરેલી કાર ઝડપાઈ

## પેથાપુર પોલીસે રાત્રે વોચ ગોઠવીને રૂ. ૧.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો : બુટલેગર અંધારામાં ફરાર

ગાંધીનગર, તા.૬

પુન્દ્રાસણ ટીંટોડા માર્ગ પર ગઈ રાત્રે દારૂ-બિયર ભરેલી કાર જતી હોવાની બાતમી પેથાપુર પોલીસને મળતાં પોલીસે વોચ ગોઠવીને દારૂ-બિયરનો જથ્થો ભરેલી સેન્ટ્રો કાર પકડી પાડી હતી. અંધારાનો લાભ લઈને બુટલેગર નાસી છુટવામાં સફળ રહ્યો હતો. પેથાપુર પોલીસે રૂ. ૨૨,૧૦૦ની કિંમતના દારુ-બિયર સહિત રૂ. ૧.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને ફરાર બુટલેગર વિરુધ્ધ ગુનો નોંધી તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

પેથાપુર પોલીસ મથકના સિનિ. પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાને ગઈ રાત્રે બાતમી મળી હતી કે, પુન્દ્રાસણ-ટીંટોડા રોડ પરથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી સેન્ટ્રો કાર નં. જીજે ૧૮ બી.બી. ૫૯૭૫ નીકળી રહી છે જેને આધારે ગઈ રાત્રે વોચ ગોઠવી દેવામાં આવી હતી. દરમિયાન બાતમીવાળી કાર ત્યાંથી પસાર થતા પોલીસે ઉભી રખાવી દીધી હતી. કારમાંથી બુટલેગર પોલીસ જોઈને ભાગી ગયો હતો. કારમાં તપાસ કરતાં ૩૫ નંગ વિદેશી દારુની બોટલ તથા ૧૧૩ નંગ બિયરના ટીન મળીને રૂ. ૨૨,૧૦૦ની કિંમતનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૧,૭૨,૧૦૦ની કિંમતનો જથ્થો જપ્ત કરીને ફરાર બુટલેગરની શોધખોળ માટે તજવીજ શરુ કરી છે.

# રોહિત સમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૬

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા સંતશ્રી રોહિતદાસ મંદિર ખાતે ગોળના ગામોના વર્ષ-૨૦૧૨-૨૦૧૩ના વર્ષમાં ઉત્તીર્ણ થયેલા ડિગ્રી અભ્યાસક્રમોમાં ૧ થી ૩ તેજસ્વી તારલાઓને શિલ્ડ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા તથા સમાજના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

રોહિત સમાજના પ્રમુખ તરીકે પુરુષોત્તમભાઈ રાઠોડ, મહામંત્રી તરીકે નટવરલાલ મોઢવાડિયા, ખજાનચી તરીકે ગંગારામ રાઠોડ, ઉપપ્રમુખ તરીકે કાનજીભાઈ પરમાર, ત્રિભોવનભાઈ મહેરિયા, મફતલાલ પરમાર, અમૃતભાઈ પરમાર, મંત્રી તરીકે રમેશચંદ્ર પરમાર, કાલીદાસ પરમાર, અમૃતભાઈ પરમાર, ચંદ્રકાન્ત પરીખ, સંગઠન મંત્રી તરીકે છગનભાઈ પરમાર, સાંસ્કૃતિક અધ્યક્ષ તરીકે દેવજીભાઈ પરમાર, આંતરિક ઓડિટર તરીકે આત્મારામ પરમાર અને કારોબારી સભ્ય તરીકે સુનિલભાઈ કિરીટભાઈ, લક્ષ્મણભાઈ, પ્રહલાદભાઈ, માધુભાઈ, કાલીદાસ, કાન્તીલાલ, મહેન્દ્રભાઈ, ઈશ્વરભાઈ, જયંતિભાઈ, અશોકભાઈ, ડૉ. જીવણભાઈ અને નિલેશભાઈ પરમારની વરણી કરવામાં આવી હતી. સને ૨૦૧૩-૧૪ના વર્ષ માટે આમંત્રીત મહેમાનો તરીકે બાબુભાઈ મહેરિયા, મણીલાલ પરમાર, નરસિંહભાઈ પરમાર, હિતેન્દ્રકુમાર પરમાર, કરશનભાઈ પરમાર, જીવણભાઈ પરમાર, કાન્તીભાઈ પરમાર અને બાબુભાઈ પરમારની વરણી કરવામાં આવી છે.

# લાકડા વિણવા જતાં પડી ગયેલી મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક આવેલા વલાદ ગામમાં રહેતી ૪૫ વર્ષીય મહિલા સજ્જનબેન કાળાજી ઠાકોર આજે બપોરના ચારેક વાગ્યાના અરસામાં ગામની સીમમાં લાકડા વિણવા ગઈ હતી. અચાનક પડી જવાથી તેણીને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. પરંતુ સારવાર દરમ્યાન તેણીનું મૃત્યુ નીપજયું હતુ. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચીટરને શોધવા માટે દિલ્હી પોલીસ ગાંધીનગરમાં આવી

## સે. ૨૫ જીઆઈડીસીમાં બલ્બની ફેક્ટરીના માલીકે દિલ્હીના વેપારીઓને ચેક આપ્યા હતા : ચેક રીટર્ન થતા ફરીયાદ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જીઆઈડીસીમાં બલ્બ બનાવવાની ફેક્ટરી ધરાવતા માલીકે દિલ્હીના વેપારીઓને વ્યવસાય સંદર્ભે ચેક આપ્યો હતો. જે રીટર્ન થતા વેપારીઓએ છેતરપીંડીની ફરીયાદ દિલ્હી પોલીસમથકે નોંધાવી હતી. જેને પગલે આરોપીને શોધવા માટે દિલ્હી પોલીસ આજે ગાંધીનગર આવી પહોંચી હતી. જો કે આરોપી ફેક્ટરી માલીકના ચાર-ચાર સરનામા છે તેમ છતાં એકેય સરનામે તે મળી આવ્યો નથી.

મળતી માહિતી મુજબ સેક્ટર-૨૫ જીઆઈડીસી ઈલેક્ટ્રોનીક એસ્ટેટ ખાતે બલ્બ બનાવવાની ફેક્ટરી ધરાવતો માલીક હિતેશસિંગ ગુલાબસિંગ શેર દ્વારા દિલ્હીના વેપારીઓ સાથે વેપાર કરવામાં આવ્યો હતો. દિલ્હીના વેપારીઓ સાથે વ્યવસાય સંબંધી લેવડ-દેવડ બાદ હિતેશસિંગે વેપારીઓને ચેક આપ્યા હતા. વેપારીઓને ચાર સરનામા પણ આપવામાં આવ્યા હતા. જેમાં સે. ૨૫ જીઆઈડીસીની ફેક્ટરી ઉપરાંત સેક્ટર -૨, હરીયાણા અને ઉત્તરાખંડના સરનામા હતા. વેપારીઓએ વટાવેલા ચેક રીટર્ન થયા હતા. જેને પગલે વેપારીઓએ દિલ્હી પોલીસ મથકે ચેક રીટર્ન સંદર્ભે ફરીયાદ નોંધાવી હતી. જાન્યુઆરી માસમાં નોંધાવેલી ફરીયાદ અંતર્ગત દિલ્હી પોલીસે આરોપી હિતેશસિંગને પકડવા વિવિધ સરનામે તપાસ કરવા છતાં ક્યાંયથી મળી આવ્યો નથી. જે અનુસંધાને આજે દિલ્હી પોલીસ તેને પકડવા માટે ગાંધીનગર આવી હતી પરંતુ આજે પણ આ શખ્સ દિલ્હી પોલીસના હાથે આવ્યો ન હતો.

# એલ.આઈ.સી. દ્વારા બંધ પડેલી પોલિસીઓ ફરી ચાલુ કરવાની ઝુંબેશ

ગાંધીનગર, તા. ૬

જીવન વીમા નિગમ એલ.આઈ.સી. દ્વારા તા. ૫ ઓગષ્ટથી ૩૧ ઓક્ટોબર-૨૦૧૩ સુધી બંધ પડેલી પોલિસીઓ ફરી ચાલુ કરવા માટેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત છેલ્લા બાકી પ્રિમિયમની તારીખથી છ માસથી લઈને પાંચ વર્ષ સુધીમાં બંધ પડેલી પૉલિસી ઉપરોક્ત સમયગાળા દરમ્યાન ચાલુ કરાવી શકાશે. તંદુરસ્તીનું પ્રમાણપત્ર/તબીબી તપાસ સાથે અથવા તે સિવાય પૉલિસી નિગમની કોઈપણ શાખામાં ચાલુ થઈ શકશે. બાકી રહેતા પ્રિમિયમની વ્યાજ સાથેની રકમમાં પણ નિગમ દ્વારા અમુક નિર્ધારિત મર્યાદામાં છુટછાટો આપવામાં આવી છે.

આથી તમામ પોલિસીધારકોને જાણ કરવામાં આવે છે કે તેમની બંધ પડેલી પૉલિસી આ અભિયાન અંતર્ગત ફરી ચાલુ કરાવી મહામુલી જીંદગી ઉપર જોખમ ચાલુ કરવાની ઉજ્જવળ તકનો અવશ્ય લાભ લેવા નિગમના ગાંધીનગર વિભાગના સીની. ડિવિઝનલ મેનેજર એસ.પી. સોમાણીની અખબારી યાદી જણાવે છે.

# વિદ્યાભારતીમાં વાનગી નિદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૬

વિદ્યાભારતીમાં ગાંધીનગર તાલુકાના આઈ.સી.ડી.એસ. ઘટક/૨, તરફથી સ્તનપાન સપ્તાહ નિમિત્તે વાનગી નિદર્શન રાખવામાં આવ્યું હતું.

ગાંધીનગર ઘટક-૨ તમામ આંગણવાડી હેલ્પર બહેનો સ્તનપાન સપ્તાહ નિમિત્તે યોજાયેલા વાનગી નિદર્શન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામ ઓફિસર છાયાબેન ઉપાધ્યાય તેમજ બાળ વિકાસ યોજના અધિકારી કલાબેન દેસાઈએ વાનગીઓનું નિદર્શન નિહાળ્યું હતું. આ પ્રસંગે સુપરવાઈઝર બહેનો પ્રીતિબેન, જશોદાબેન, શારદાબેન, મનિષાબેન, રમિલાબેને સફળ આયોજન કર્યું હતું અને સપ્તાહની ઉજવણી કરી હતી.

# મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના પીંપળજ ગામે આવેલી મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં વોલીબોલ સ્પર્ધામાં રાયફલ શુટીંગ સ્પર્ધામાં અને સ્કેટીંગ સ્પર્ધામાં સુંદર દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે.

જિલ્લાકક્ષાની રાયફલ શુટીંગ સ્પર્ધામાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના ગૌરવ જાદવે અંડર-૧૪માં પ્રથમ, હર્ષ સોનીએ અંડર-૧૭માં પ્રથમ અને પલ નવાપરા અંડર-૧૯માં પ્રથમ નંબર મેળવ્યો હતો. જિલ્લાકક્ષાની સ્કેટીંગ સ્પર્ધામાં નીરવ પટેલે અંડર-૧૭માં સુંદર દેખાવ કરી રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી મેળવી છે. તથા રાંધેજા વિભાગની વોલીબોલ સ્પર્ધામાં અંડર-૧૪માં ગૌરવ , જયદીપ, અમન, સ્મીત, પ્રતીક, ઓમ, ભગીરથ, રાજ, સોહમ અને પાર્થ તથા અંડર-૧૬ પાયકામાં સમ્યક, જય, હર્ષ, કેવલ, સાહિલ, દીપ, ભાર્ગવ, ઋષિક અને ઋત્વિકે ચેમ્પિયનશીપ મેળવી હતી. શાળાના પરિવારે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૯
સૂર્યાસ્ત : ૭.૧૦

## તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૮૧ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ સ્મુર્ફસ-૨ ૩ડી(હિન્દી): ૧૦.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૦૦
ધ વોલ્વેરીન ૩ડી(હિન્દી) : ૧૨.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦
: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
રબ્બા મેં ક્યા કરું : ૧૨.૦૦, ૫.૨૦, ૧૦.૪૦
ડી-ડેય : ૨.૨૦, ૭.૪૦

### સૂર્યા, વાવોલ

રબ્બા મેં કયા કરું : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રબ્બા મે કયા કરું : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સીંઘમ-૨ : ૧.૩૦
ચોર ચોર સુપર ચોર : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
બી.એ. પાસ: ૧૦.૧૫, ૭.૩૦
રમૈયા વસ્તાવૈયા : ૧.૦૦, ૧૦.૧૫
સીંઘમ-૨ : ૪.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘમ-૨ : ૧૦.૪૫, ૭.૦૦
બી.એ. પાસ : ૨.૦૦, ૧૦.૧૫
રમૈયા વસ્તાવૈયા : ૪.૩૦

### ચિરાગ, કલોલ

રબ્બા મેં કયા કરું : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે પીળી ઘટાના હિંડોળા
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે નરેન્દ્રભાઈ વ્યાસના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૦૪/૫, છ-ટાઈપ ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે ગિરિશભાઈ ઠાકોરના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૫૦/૪, બી-૧ ટાઈપ, કડી સ્કૂલ સામે નવરાત્રી ચોક પાસે શિવ મહિમ્ન પાઠ.

## આપની આજ

**મેષ** : આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. આપના દ્વારા કરાયેલા પૂર્વના કાર્યોનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે.

**વૃષભ** : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. વ્યાપાર - વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાન કારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**મીન** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન વિરમજી ઠાકોર(ઉ.વ. ૯૧) મુ.પો. વાસણિયા મહાદેવ, તા., જિ. ગાંધીનગર
- સ્વ. તુળજાબેન રતીલાલ ઠક્કર(ઉ.વ. ૮૦) ૩૮ સિદ્ધરાજગ્રીન, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર
- સ્વ. ભાલચંદ જનાર્દન વચ્છરાજાની(ઉ.વ. ૮૩)૧/૩, રત્નસાગર એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૧૨૭, સેકટર-૧૯, ગાંધીનગર
- સ્વ. જાગૃતિબેન નરસિંહભાઈ ગોરખા(ઉ.વ. ૭૦) ૧૨૮/૯, સેકટર-૨૯, ગાંધીનગર
- સ્વ. કેશવલાલ શંભુભાઈ વાળંદ(ઉ.વ. ૭૫) ૪૬/૧૭૬, શ્રીનગર સોસાયટી, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. રામચંદ્રભાઈ હીરાભાઈ નાયી(ઉ.વ. ૭૨) ૫૮૭/૩, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. જેઠાભાઈ ભવાનભાઈ રાઠોડ(ઉ.વ. ૭૩)રોહિતવાસ, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર